Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-11,Issue-4,March-2018

# કરવાઈ ગામનો સમાજશાસ્ત્રીય અભ્યાસ

## (મહિસાગર જિલ્લાના કડાણા તાલુકાના સંદર્ભમાં એક અભ્યાસ)

ડામોર આશાબહેન બળવંતભાઈ
એમ.ફિલ., સમાજશાસ્ત્ર વિભાગ,
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

**પ્રસ્તાવના**

ભારત ગામડાઓનો દેશ છે. સમગ્ર ભારતીય જીવન પર કોઈને કોઈ રીતે ગ્રામીણ સંસ્કૃતિની અસરને જોઈ શકાય છે. સૃષ્ટિના પ્રારંભથી જ ગ્રામ સમુદાય અને સામુહિક જીવન કોઈને કોઈ સ્વરૂપ અસ્તિત્વ ધરાવતું જોવા મળે છે. માનવી સામાજિક પ્રાણી હોવાથી જૂથમાં રહેવાની પ્રકૃતિ ધરાવે છે. માનવજીવનની શરૂઆતથી જ તે પોતાની સમસ્યાઓને સામુહિક રીતે ઉકેલતો આવ્યો છે. ચાર વેદોમાના મહત્વના ગણાતા ઋગ્વેદમાં પણ સામુહિક જીવનનું વર્ણન થયેલું છે. જેમાં કરવામાં આવેલા ઉલ્લેખો દર્શાવે છે કે ખેતી કરતાં લોકો તે સમયે સામુહિક રીતે પૂજા કરતા હતા. આ પ્રકારના સામુહિક જૂથો સમિતિ તરીકે ઓળખાતા.

એક સમુદાય તરીકે ગામડાનું જીવન સંગઠિત રહ્યું છે. બીજા શબ્દોમાં કહીએ તો ગ્રામીણ રચના શરૂઆતથી સામુદાયિક રહી છે. જ્યાં સામાન્ય રીતે ખેતી મુખ્ય વ્યવસાય હતો. આદિકાળમાં ગામ રચના જેવું કોઈ વ્યવસ્થિત માળખું અસ્તિત્વ ધરાવતું ન હતું. માણસ જંગલી પ્રાણીઓની જેમ જીવન જીવતો. આવા રખડું અને અસ્થાયી જીવનમાં કોઇ એક સમયે સલામતીની ભાવના જાગ્રત થઈ અને સામુહિક જીવનનો વિકાસ થયો. કૃષિ, પશુપાલન જેવા

વ્યવસાયોએ જીવનને સ્થાયી બનાવ્યું. જેના પરિણામે ગામની રચના થઈ.

**ભીલ આદિવાસીઓનો અર્થ**

ભીલ શબ્દની ઉત્પત્તિ દ્રવિડ ભાષાના "બીલ" શબ્દ ઉપરથી આવેલી છે. દ્રવિડ ભાષામાં "બીલ" નો અર્થ બાણ અથવા તીર કામઠું થાય છે. પાષાણયુગના આદિમાનવો એટલે આદિવાસીઓ જ માનવીમાં આવે છે. આદિવાસીઓ માટે અંગ્રેજીમાં aboriginal શબ્દ ઉપયોગમાં લેવામાં આવે છે. તેઓ પૃથ્વીની ઉત્પત્તિ વખતે અસ્તિત્વ ધરાવતા હોવાથી તેમને મૂળ નિવાસી તરીકે પણ ઓળખવામાં આવે છે.

**અભ્યાસના હેતુઓ**

પ્રસ્તુત અભ્યાસ નીચે મુજબના કેટલાક હેતુઓ પ્રાપ્ત કરવા માટે હાથ ધરવામાં આવ્યો છે.

- મહીસાગર જિલ્લાના કરવાઈ ગામનો સમાજશાસ્ત્રીય અભ્યાસ કરવો.
- આ ગામમાં વસતા આદિવાસીઓના ભૌતિક અને આર્થિક જીવનને સમજવાનો પ્રયત્ન કરવો.
- આ ગામમાં વસતા આદિવાસીઓના શૈક્ષણિક અને રાજકીય જીવનની સમજ મેળવવી.
- આ ગામમાં વસતા આદિવાસીઓના રાજકીય જીવનમાં જાતિપંચની ભુમિકા અને સ્ત્રીઓની રાજકારણ સહભાગીદારી તપાસવી.

**સંશોધન પધ્ધતિ અને પ્રયુક્તિઓ**

સમાજશાસ્ત્રમાં અભ્યાસ કરવા માટે માહિતી એકત્રીકરણની પધ્ધતિ તરીકે સર્વેક્ષણનો બહોળો ઉપયોગ થાય છે. સામાજિક સંશોધકો ઉપરાંત સરકારી અને બિનસરકારી સંગઠનો પણ સંશોધનમાં સર્વેક્ષણ પધ્ધતિનો ઉપયોગ કરે છે. આ પધ્ધતિ અતિ લોકપ્રિય પણ છે. સમાજશાસ્ત્રમાં વર્તનો, વલણો, માન્યતાઓ, અભિપ્રાયો, ખાસિયતો, અપેક્ષાઓ, સ્વમૂલ્યાંકન, સામાન્ય જ્ઞાન અંગેના અભ્યાસોમાં સંશોધકોએ સર્વેક્ષણ પધ્ધતિ ખુબ ઉપયોગમાં લીધી છે. પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે માહિતિ એકત્રીકરણ માટે નિદર્શન પધ્ધતિનો ઉપયોગ કર્યો

છે. આ ઉપરાંત મૂલાકાત અને નિરિક્ષણ પ્રયુક્તિનો ઉપયોગ કરીને પણ માહિતી મેળવવાના પ્રયત્નો કર્યા છે.

**માહિતીનું પૃથક્કરણ**

પ્રસ્તુત અભ્યાસમાં મેળવેલ માહિતીનું વર્ગીકરણ કરવા કમ્પ્યુટર દ્વારા SPSS પધ્ધતિનો ઉપયોગ કરેલ છે. એકત્રિત માહિતીની કોડબુક તૈયાર કરી માસ્ટર શીટ તૈયાર કર્યા બાદ સંશોધનના હેતુઓને લક્ષમાં રાખી સાદા અને જટિલ કોષ્ટકો બનાવી તેનાં વિશ્લેષણ દ્વારા તારણો મેળવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

**અભ્યાસનું મહ્ત્વ**

ભારત એ ખેતીપ્રધાન દેશ છે. દેશની વસ્તીના 70% લોકો ગામડાઓમાં વસવાટ કરે છે. ગ્રામીણ વિસ્તારમાં 80% ઉપરાંત વસ્તી ખેતી ઉપર આધારિત છે. ખેતી એ જૂનો અને પાયાનો મૌસમી વ્યવસાય હોવાથી દરેક ક્ષેત્રમાં તેનું સંશોધન સમાજશાસ્ત્રીય દૃષ્ટિએ મહ્ત્વ.

આજના વર્તમાન સમયમાં દરેક ક્ષેત્રમાં સંશોધનનું મહ્ત્વ સવિશેષ છે. સામાજિક સંશોધનનું મહ્ત્વ બે રીતે અંકી શકાય છે. એક તો તેની યથાર્થતાને આધારે તેનું મહ્ત્વ આંકી શકાય અને અન્ય સંશોધક અને વૈજ્ઞાનિક રીતે એ જે તે સંશોધનનું મહ્ત્વ તેની યથાર્થતાને આધારે તપાસે છે કે આ સંશોધનથી સમાજને શું ફાયદો થશે અને તેની વ્યવહારમાં ઉપયોગિતા શું? તથા સમાજના વિકાસ અને ઉત્કર્ષમાં કઈ રીતે ઉપયોગી બને. સંશોધનના તારણોને વ્યવહારમાં ઉપયોગ કરવાથી સંશોધનમાં ફાયદો થશે. આમ કોઈપણ સંશોધનથી સમાજની પ્રવર્તમાન પરિસ્થિતિથી સમસ્યાનો ઉકેલ લાવવામાં કેટલી અંશે સહાયરૂપ બને વગેરે બાબતો સામાજિક સંશોધનનું સંશોધનનું મહ્ત્વ અને તેની ઉપયોગિતાના આધારે આંકવામાં આવે છે.

**અભ્યાસના તારણો**

આ અભ્યાસના આધારે સંશોધનકર્તાએ નીચે જણાવેલ મુખ્ય તારણો તારવેલાં છે.

- **ભીલ આદિવાસો કૌટુંબિક માહિતી**

પ્રસ્તુત અભ્યાસની અંદર ઉત્તરદાતાઓના પસંદગી ઉંમરના આધારે કરવામાં આવેલ છે. જેમાં સૌથી વધુ 36 થી 40 વર્ષ સુધીના ઉંમરના 36.25% છે અને તેમજ 20 વર્ષ સુધીના પણ ઉત્તરદાતઓ લેવામાં આવેલ છે.

**ઉત્તરદાતાનું મૂળ વતન, જ્ઞાતિ અને પેટાજ્ઞાતિ**

પ્રસ્તુત અભ્યાસમાં લીધેલ ઉત્તરદાતાઓનું મૂળવતન “કરવાઈ” ગામ છે. તેઓ બીજી જગ્યાએથી સ્થળાંતર થઈને આવેલ નથી. “જ્ઞાતિ” ભારતીય સમાજની મહત્વની લાક્ષણિકતા છે.જ્ઞાતિનો દરજ્જો એ વ્યક્તિનું સમાજમાં સ્થાન નક્કી કરતું મહત્વનું પરિબળ હોવાથી ઉત્તરદાતાઓની જ્ઞાતિનો ખ્યાલ મેળવવો જરૂરી છે.

**ઉત્તરદાતાઓનું જ્ઞાતિના આધારે વર્ગીકરણ**

| ક્રમ | જ્ઞાતિ | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1 | ડામોર | 60 | 75 |
| 2 | વાગડીયા | 12 | 15 |
| 3 | બારીયા | 8 | 10 |
| | **કુલ** | **80** | **100** |

ઉપર દર્શાવેલ કોષ્ટકના આધારે 75% ઉત્તરદાતાઓ બારીયા છે. આ બધા ઉત્તરદાતાઓની પેટાજ્ઞાતિ ભીલ છે.

**ઉત્તરદાતાનો વૈવાહિક દરજ્જો, શિક્ષણ અને વ્યવસાય**

વ્યક્તિનો વૈવાહિક દરજ્જો વ્યક્તિનું સમાજમાં અને કુટુંબમાં સ્થાન નક્કી કરવામાં તેમજ અન્ય સભ્યો સાથેના આંતરસંબંધોના સ્વરૂપનો ખ્યાલ પણ આપે છે.

**ઉત્તરદાતાઓનાવૈવાહિક દરજ્જાના આધારે વર્ગીકરણ**

| ક્રમ | વૈવાહિક દરજ્જો | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1 | અપરણિત | 07 | 8.75 |
| 2 | પરણિત | 64 | 80 |
| 3 | વિધવા | 04 | 5 |

| | | | |
|---|---|---|---|
| 4 | વિધુર | 05 | 6.25 |
| | **કુલ** | **80** | **100** |

પ્રસ્તુત અભ્યાસની અંદર કોષ્ટક તપાસતા 80% ઉત્તરદાતો પરણિત જોવા મળે છે. જ્યારે 8.75% ઉત્તરદાતાઓ અપરણિત છે.

શિક્ષણ એટલે પૂર્વ નિર્ધારિત લક્ષ તરફ આચરણ પરિવર્તનની ક્રિયા આધુનિક યુગમાં કોઈપણ સમાજને સભ્યતાનું સ્તર નક્કી કરવા માટે શિક્ષણનું પ્રમાણ એ મહત્વનું માપદંડ ગણાય છે.

**ઉત્તરદાતાઓનું શિક્ષણની માહિતી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | શિક્ષણ | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1 | નિરક્ષર | 18 | 22.5 |
| 2 | પ્રાથમિક | 21 | 26.25 |
| 3 | માધ્યમિક | 14 | 17.5 |
| 4 | ઉ. માધ્યમિક | 16 | 20 |
| 5 | સ્નાતક | 11 | 13.75 |
| 6 | અનુસ્નાતક | - | - |
| | **કુલ** | **80** | **100** |

ઉપરોક્ત કોષ્ટકનું વર્ગીકરણ તપાસતા ખ્યાલ આવે છે કે ઉત્તરદાતાઓના પ્રસ્તુત અભ્યાસમાં મોટી સંખ્યાના ઉત્તરદાતાઓ નિરક્ષણ જોવા મળે છે. તેમજ સ્નાતક કક્ષાએ અભ્યાસ અલ્પ અને અનુસ્નાતક કક્ષાએ નહીંવત જોવા મળે છે.

વ્યવસાય એ વ્યક્તિને ક્રિયાશીલ રાખતી અર્થોપાર્જન મહત્વની પ્રયુક્તિ છે. વ્યક્તિનું જીવન ધોરણ સમાજમાં મળતું સ્તાન અને સામાજીક પ્રતિષ્ઠા નક્કી કરતું મહત્વનું નિર્ણાયક પરિબળ છે. પ્રસ્તુત અભ્યાસ આદિવાસી ગામનો છે. જેમા આ ગામના બધા જ ઉત્તરદાતાઓ ખેતી સાથે જોડાયેલા છે. તેમનો મુખ્ય વ્યવસાય ખેતી છે.

**કુટુંબનો પ્રકાર અને કુટુંબના વડા તેમજ તેમની વાર્ષિક આવક**

સર્વ સામાજિક સંસ્થાઓમા કુટુંબ સૌથી કાયમી અને સાર્વત્રિક સંસ્થા છે. એવો કોઈ સમાજ નથી કે જેમાં કોઈને કોઈ પ્રકારના કુટુંબનું અસ્તિત્વ ના હોય. દરેક સમાજ અને સંસ્કૃતિનું સાતત્ય કુટુંબ દ્વારા શક્ય બને છે.

પ્રસ્તુત અભ્યાસની અંદર 85% ઉત્તરદાતાઓ સંયુક્ત કુટુંબમાં રહે છે. માત્ર 15% ઉત્તરદાતાઓ જ વિભક્ત કુટુંબમાં રહે છે. આ આદિવાસી કુટુંબો હોવાતી તેઓ સંયુક્ત કુટુંબમાં જ રહે છે. આદિવાસી સમાજમાં સ્ત્રીઓ અને પુરુષોને સમાન જ ગણવામાં આવે છે. પરંતુ ભારત દેશ પુરુષપ્રધાન હોવાથી કુટુંબના વડા તરીકેની ભૂમિકા ઘરનો મોટો પુરુષ જ સત્તા ધરાવે છે. વ્યક્તિને પોતાનું તેમજ પોતાના કુટુંબના સભ્યોનું જીવન ટકાવી રાખવા માટે કેટલીક જરૂરીયાતો સંતોષવી પડે છે. તે માટે વિવિધ પ્રકારની કાર્ય પ્રવૃતિઓ કરીને તેમાંથી આવક મેળવે છે. આ ગામની અંદર 5,000 થી 50,000 સુધીની વાર્ષિક આવક ધરાવતા ઉત્તરદાતાઓ જોવા મળે છે.

**ભૌતિક જીવન અને આર્થિક જીવન**

ભૌતિક સગવડો કુટુંબની આર્થિક સ્થિતિનો નિર્દેશ કરે છે. ભૌતિક જીવન અને આર્થિક જીવન પરસ્પર સંકળાયેલ હોય છે. આધુનિક યુગમાં મજૂર વર્ગ પણ નોકરીયાતોની સરખામણીમાં પોતાના ઘરમાં જોઈતી વસ્તુ રાખે છે.

- **ઉત્તરદાતાઓની ભૌતિક સગવડો**

પ્રસ્તુત અભ્યાસની અંદર બધા જ ઉત્તરદાતાઓ પોતાનું મકાન ધરાવે છે. કહેવત છે કે "દુનિયાનો છેડો તે ઘર" આમ દરેક વ્યક્તિને રહેવા માટે ઘરની જરૂર છે. ઉત્તરદાતાઓ નીચે પ્રકારના મકાન ધરાવે છે. જેમાં કાચુ મકાન ધરાવનાર ઉત્તરદાતાઓ 93.75% છે. આમ સૌથી વધુ કાચુ મકાન ધરાવે છે.

| ક્રમ | મકાનના પ્રકાર | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1 | કાચુ | 75 | 93.75 |
| 2 | ઝૂંપડું | 2 | 2.5 |
| 3 | પાકું | 1 | 1.25 |
| 4 | પતરાવાળું | 2 | 2.5 |
| | **કુલ** | **80** | **100** |

આ ગામના ભીલ આદિવાસી સમાજનો અભ્યાસ કર્યા બાદ જાણવા મળ્યું કે 100% ઉત્તરદાતાઓના ઘરે વીજળીની સુવિધા છે. આ ગામની અંદર પીવાના પાણીની સગવડમાં સરકારી યોજનાનો પુરતો લાભ મળેલ નથી. આ ગામમાં પીવાના પાણીની ટાંકી કે નળની લાઈન નંખાયેલ નથી. આથી ગામના લોકોને ચાર કે પાંચ ઘરો વચ્ચે એક કુવો કે હેન્ડપંપ હોય છે. જેઓ ત્યાંથી પાણી લાવે છે.

પ્રસ્તુત ગામની અંદર રસોઈ બનાવવા બળતણ તરીકે મોટાભાગના કુટુંબો ચુલાનો ઉપયોગ કરે છે.

| ક્રમ | બળતણનો પ્રકાર | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1 | ચુલો | 49 | 61.25 |
| 2 | સ્ટવ | 2 | 2.5 |
| 3 | ગેસ | 29 | 36.25 |
| | **કુલ** | **80** | **100** |

ઉપરોક્ત કોષ્ટક પરથી માલુમ પડે છે કે મોટાભાગના ઉત્તરદાતાઓ ચુલાનો ઉપયોગ કરે છે. પરંતુ હવે સરકાર દ્વારા ઉજ્જવલા યોજના દ્વારા બીપીએલ ધરાવતા લોકોને ગેસ આપવામાં આવે છે. જેમાં 36.25% લોકો ગેસ ઉપર રસોઈ બનાવે છે. બાકીના કુટુંબની અંદર ગેસનો ડર હોવાથી આ લાભ તેમણે લીધેલ નથી.

ભૌતિક સગવડો વિશેષ પ્રમાણમાં બધા જ કુટુંબમાં જોવા મળતા નથી. પ્રસ્તુત અભ્યાસમાં ઘડિયાળ ધરાવતા ઉત્તરદાતાઓ 25 જોવા મળે છે. તેમજ ટી.વી. ધરાવતા 5, ફ્રીજ 3, પંખો 12, મોટર સાયકલ અને સ્કૂટર 35 અને મોબાઈલ 80 ઉત્તરદાતાઓ ધરાવે છે. આ ઉપરાંત ખાટલા પલંગ વગેરે જરૂરિયાતની સગવડો ધરાવે છે. પ્રસ્તુત અભ્યાસની અંદર આખા ગામમાં માત્ર 1 દુકાને છાપું આવે છે. ગામના બધા લોકો ત્યાં જઈને છાપું વાંચી આવે છે.

અત્યારે સરકારે ઘરે ઘરે શૌચાલયની વ્યવસ્થા કરવા માટે અનેક યોજનાઓ બહાર પાડી છે. તેમજ સ્વચ્છતા અને પ્રગતિ ઉપર ભાર મુકવાના

પ્રયત્ન આજની સરકાર કરતી જોવા મળે છે. મારા અભ્યાસની અંદર માત્ર 4 ઉત્તરકદાતાઓના ઘરે જ શૌચાલયની વ્યવસ્થા છે. બાકીના ઉત્તરદાતાઓને ખુલ્લામાં શૌચાલય જવું પડે છે. આમ, સરકારની બધી યોજનાઓ ચોપડામાં રહે છે. તે વ્યક્તિઓ સુદી પહોંચતું નથી. આમ, ભૌતિક જીવન એ સમાજશાસ્ત્ર સાથે જોડાયેલ છે.

- **આર્થિક જીવન**

આર્થિક વ્યવસ્થા સામુદાયિક જીવનનું મહત્વનું પાસું છે. તે સમાજનાં સાંસ્કૃતિક અને સામાજીક માળખાના ઘડતરમાં અગત્યનો ભાગ ભજવે છે. આદિવાસીઓની આર્થિક વ્યવસ્થા તેઓની સંસ્કૃતિને સમજવામાં સહાયક બને છે.

જમીન આદિવાસીઓની ઓળખ માટેનો આધાર છે. પ્રસ્તુત અભ્યાસ હેઠળ લીધેલ ઉત્તરદાતાઓ આદિવાસી ભીલ છે. તેઓનો મુખ્ય વ્યવસાય ખેતી છે. બધા જ ઉત્તરદાતો જમીન માલિકી ધરાવે છે. આદિવાસીઓની જમીન માલિકી છીનવાય ના જાય તે માટે 73 એ નો લેન્ડ રેવન્યુ એક્ટ ઘડવામાં આવેલ છે. આ કાયદા અન્વયે કોઈપણ વ્યક્તિ આદિવાસીની માલિકીની જમીન કલેક્ટરની મંજુરી વગર ખરીદી શકતી નથી. આમ 100% ઉત્તરદાતો જમીન ધરાવે છે.

પ્રસ્તુત ગામની અંદર પિયત માટે ત્રણ પધ્દતિથી સિંચાઈ થાય છે. (1) કુવા દ્વારા (2) તળાવ દ્વારા (3) બોર દ્વારા અત્યારે બધા ઉત્તરદાતાઓ આધુનિક પદ્ધતિ મુજબ સિંચાઈ પ્રાપ્ત કરતા થયા છે.

ખેતી માટે બધા ઉત્તરદાતાઓ છાણીયું ખાતર અને રાસાયણિક ખાતરનો ઉપયોગ કરે છે. ઉનાળાની અંદર ઉત્તરદાતો વરસાદ આવવાના સમયે છાણીયું ખાતર ખેતરની અંદર નાખે છે. પછી ખેતર ખેડે છે. રાસાયણિક ખાતરનો પણ ઉપયોગ કરે છે. આમ ઉત્તરદાતાઓ જમીન ફળદ્રુપતા જાળવવા માટે રાસાયણિક અને છાણિયું ખાતરનો ઉપયોગ કરે છે.

ખેતીની અંદર ચણા, તુવેર, મગ, કપાસ, એરંડા, સોયાબીન વગેરે જેવાં રોકડિયા પાકો થાય છે. જ્યારે મકાઈ, ઘઉં, ડાંગર, જુવાર અને બાજરી જેવા

ધાન્ય પાકો થાય છે. આ ઉત્તરદાતાઓ હજુ પણ ખેતી કરવા માટે વપરાતા પરંપરાગત સાધનોથી ખેતી કરે છે. જેમાં બળદ હળ, સમાડ જેવા સાધનોનો ઉપયોગ કરે છે. તેવો જીવનનિર્વાહ ચલાવવા માટે પશુપાલનનો વ્યવસાય કરે છે. આદિવાસીઓનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન છે. આ બદા જ ઉત્તરદાતાઓ દૂધનું વેચાણ પોતાના ગામની દૂધ મંડળીમાં કરે છે. આવી રીતે દૂધની આવકથી જ પોતાના જીવન નિર્વાહ તેમજ બચતખાતામાં જમાં કરાવે છે ને જુદી જુદી જગ્યાએ ખાતુ ધરાવે છે.

| બચત ખાતુ | સંખ્યા | ટકાવારી |
|---|---|---|
| બેંક | 57 | 77.25 |
| સહકારી મંડળી | 00 | 00 |
| પોસ્ટ | 27 | 28.75 |
| કુલ | 80 | 100 |

આમ, 77.25% ઉત્તરદાતાઓ પોતાની બચત બેંકમાં રાખે છે. 28.75% ઉત્તરદાતો પોસ્ટ ઓફિસમાં પોતાનું બચત ખાતુ ખોલાવે છે.

### ખેતી સંબંધી વિધિઓ તેમજ માન્યતાઓ

આદિવાસી સમાજની ખેતી સંબંધી વિધિઓ જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

(1) **હેડો પૂજન**

ખેતરમાં કામ કરતા પહેલાં, ખેતરનો છેડો કે પાળ હોય તેને હેડો કહે છે અને તેની ઘીનો દીવો, ચોખા અને કંકુથી પૂજા કરવામાં આવે છે.

(2) **હળતરું**

અખાત્રીજના દિવસે ટોપલો ભરી છાણીયું ખાતર ખેતરમાં નાખે છે. બળદ દ્વારા ખેતરને થોડું ખેડવામાં આવે છે. બળદ અને હળની પૂજા કરી કંકુના ચાંદલા અને નાડાછડી બાંધવામાં આવે છે. શ્રીફળ ફોડી ગોળધાણાં વહેંચવામાં આવે છે.

(3) **ગામખેડામાતાની વિધિ**

ચોમાસામાં મકાઈ તાય ત્યારે આ સમાજની બધી સ્ત્રીઓ ભેગી તી મકાઈનું દૂધ ઘીમાં નાખી લઈને ભેગી થાય છે અને પૂજા કરે છે પછી મકાઈ ખાય છે.

(4) **કાપણી અને કોઠીમાં નવું અનાજ ભરતી વકતની વિધિ**

કાપણી કરતે વખતે ઘીનો દીવો કરી શ્રીફળ વધેરવામાં આવે છે અને કોઠીમાં અનાજ નાખતી વખતે પણ અનાજના 10 કિલોના બે ભાગ કરી એક ભાગ ભાણેજને અને ઘરની કુંવારી દીકરીને આપે છે. કોઠી ઉપર કંકુચાંદલા કરી દીવો કરે છે.

- **વરસાદ લાવવા માટેની વિધિ**

વરસાદ માટે વરૂણ દેવની પૂજા કરે છે. આ ગામની સ્ત્રીઓ વરસાદ ના આવે તો પુરૂષના વસ્ત્રો પહેરીને તલવાર, તીર અને કામઠા લઈ આખા ગામમાં જેટલા દેવો હોય તે દેવોને સાગના પાનતી બાંધી દે છે. જ્યારે વરસાદ આવે ત્યારે તે દેવોને છોદી દે છે.

- **પશુ અને પંખી વિશેનો દૃષ્ટિકોણ**

પ્રસ્તુત અભ્યાસના ઉત્તરદાતાઓ પશુ-પંખીને સહાયક માને છે. કારણ કે ખેતીની અંદર તેવો પશુ તરીકે બળદનો ઉપયોગ કરે છે. તેમજ ભેંસ બકરી, ગાય પણ દૂધ માટે ઉપયોગી છે અને પંખીઓ ખેતીની અંદર પડતા જીવોનો નાશ કરવા માટે સહાયક રૂપ બને છે. આ ગામના ઉત્તરદાતાઓ નોળીયું અને દેવચકલી મળે તો શુકન તયા એવું માને છે અને જો બિલાડી આગળથી નિકળી જાય તો અપશુકન માને છે.  આ ઉપરાંત ધુવડ, ચીબરી કે કાગડી બોલે તો કંઈ કરાબ સાંભળવા મળે એવું આ સમાજ માને છે.

- **વૃક્ષોનું તહેવારમાં મહત્વ અને ઔષધિ તરીકે વનસ્પતિનો ઉપયોગ**

આ સમાજની અંદર વૃક્ષોનું મહત્વ દરેક તહેવારમાં જોવા મળી છે.

હોળી – સાગ અને કેસુડાના ફૂલોનો ઉપયોગ કરે છે.

દિવાળી – દિવાળીના દિવસે તુંમડું (દૂધીનો એક પ્રકાર) અને પૂવાડીયો (ઘાસનો એક પ્રકાર) ઉપરાંત મહૂડાના વૃક્ષનો ઉપયોગ કરે છે.

આદિવાસીઓ વૃક્ષો અને વનસ્પતિ સાથે સતત નિકટવર્તી સંબંધ ધરાવે છે. તેથી ઔષધિ તરીકે ઔષધોનો ઉપયોગ કરે છે.

સીતાફળ - સીતાફળના બીનો ઉપયોગ માથામાં પડેલ જૂ અને લીખો મારવા થાય છે.

સરગવો - સરગવો વાયુની વ્યાધિ પથરી થઈ હોય અને હાડકાં મજબુત માટે ઉપયોગી છે.

કુવાર પાઠું - તેના પાનના અંદરનો પોચો ગર્ભ આયુર્વેદિક ચિકિત્સા પધ્ધતિ માટે ઉપયોગી છે.

આ ઉપરાંત લીમડો, અંઘેડો, બીલી, રત્નજ્યોત, અરડુસી, મહુડો, આંબળા વગેરે ઔષધિ તરીકે ઉપયોગી છે.

- **ધરતી ડુંગરો અને નદીઓ સાથે જોડાયેલી માન્યતાઓ**

આદિવાસી સમાજ એ પોતાને ધરતીનાં છોરૂ માને છે. આદિવાસી સમાજમાં ભીલ એ પૃથ્વી પર પ્રથમ પગ મુકનાર મનુષ્ય ગણાય છે. આદિવાસી લોકો નદીઓ અને ડુંગરોના ખોળામાં રહેતા હતા. તેમને પ્રકૃતિ પૂજક માનવામાં આવે છે. તેવો ડુંગરના દેવ સમજે છે. અને નદીને માતા સ્વરૂપે ગણે છે.

આ ગામની થોડી દૂર મહીસાગર નદી આવેલી છે. જેને "માતા" ગણીને શ્રાવણ માસ અથવા કોઈપણ બાધા કરવા આ નદીઓ પૂજા કરવા જાય છે.

**શૈક્ષણિક જીવન અને રાજકીય જીવન**

શિક્ષણ સંસ્થાએ સામાજિક સંસ્થાઓમાંથી એક મહત્વની સંસ્થા છે. જે સામાજિક પરિવર્તન માટે મહત્વનું સાધન છે. આમ આ અભ્યાસમાં ઉત્તરદાતાઓનું શૈક્ષણિક જીવન અને રાજકીય જીવન નીચે મુજબ છે.

શિક્ષણની સુવિધા, બાળકને અપાતી સહાય, શાળાએ ન જવાનું કારણ શિક્ષણ આપવા પાછળનો માતા-પિતાનું શિક્ષણ લીધેલ વ્યક્તિ પાસે આશા –

આ ગામની અંદર શિક્ષણની સુવિધા બાલમંદિરથી લઈ પ્રાથમિક સુધિની છે. આગળ અભ્યાસ કરવા ગામથી દૂર જવું પડે છે. સરકાર દ્વારા શિક્ષણ મેળવવા માટે 1 થી 8 ધોરણ સુધી મફત શિક્ષણ આપવામાં આવે છે. તેમજ શિષ્યવૃત્તિ પણ આપવામાં આવે છે. તો પણ ગામની અંદર શિક્ષણનું પ્રમાણ

ઓછું જોવા મળે છે. ગામના વાલીઓ બાળકને શાળાએ મોકલતા નથી. અધવચ્ચેથી શાળા છોડી દે છે. તેના માટે મુખ્ય કારણ આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાથી તેમજ ખેતીમાં મદદ કરવા માટે શાળાએ જતા નથી.

આજે શિક્ષણની સ્થિતી સુધરતા શિક્ષણ લેનારાની સંખ્યા દિન-પ્રતિદિન વધતી જતી જોવા મળે છે. કારણ કે માતા-પિતાના મનમાં શિક્ષણ અંગેના જૂના ખ્યાલો દૂર થયા છે અને તેઓ શિક્ષણનું મહત્વ સમજતા થયા છે. તેઓ એવું માને છે કે શિક્ષણ મેળવીને નોકરી ના મળે તો તેમને વ્યક્તિગત વિકાસ થશે. શાળાનું શિક્ષણ જીવન ઉપયોગી તેમજ વ્યક્તિત્વ વિકાસ માટે જરૂરી છે. શિક્ષણ લીધેલ વ્યક્તિ પ્રત્યેની આશા તમામ ઉત્તરદાતાઓ પાસેથી તેમનો વ્યક્તિ ગામના વિકાસમાં તેમજ જ્ઞાતિનો વિકાસ કરે. આ વ્યક્તિ ગામની અંદર અન્યને શિક્ષણ લેવા માટે યોગ્ય માર્ગદર્શન આપે તેમજ ઉત્તરદાતાઓ શિક્ષણ લીધેલ વ્યક્તિ પાસે મદદ કે સહાયની આશા રાખતા જોવા મળે છે. પ્રસ્તુત અભ્યાસની અંદર આ ઉત્તરદાતાઓ દીકરો અને દીકરી ભણાવવામાં ભેદભાવ રાખતા નથી. આ ગામના ઉત્તરદાતાઓ 58.75% સ્ત્રીઓને નોકરી કરવાની છૂટ આપે છે. 41.25% સ્ત્રીઓને નોકરી કરવાની છૂટ આપતા નથી.

પ્રસ્તુત અભ્યાસના ઉત્તરદાતાઓનું રાજકીય જીવન તપાસતા આ ગામની અંદર જાતિપંચના સભ્યોની સંખ્યા દરેક ગામમાં 5 થી 7 જેટલી રહેતી હોય છે. આ ગામમાં મુખી વય પર આધારીત અને પ્રભાવશાળી વ્યક્તિને સ્થાન અપાતુ હોય છે. આ ભીલ આદિવાસી સમાજ છે. જેમાં જાતિપંચ અને મુખીનું મહત્વ રહેલું જોવા મળે છે. જાતિપંચ અને મુખીથી કોઈપણ ઝઘડા પ્રશ્નોના નિરાકરણ લાવવા માટે ઉપયોગદી છે. જાતિપંચ મિલકતના ઝઘડા, કૌટુંબિક ઝઘડા જાતિના ગંભીર પ્રકારના ગુન્હા, છૂટાછેડા લગ્ન વગેરે પ્રશ્નો જાતિપંચ દ્વારા ઉકેલવામાં આવે છે.

આ ગામની અંદર જાતિપંચ દ્વારા વ્યક્તિએ જે ગુનો કર્યો હોય તે પ્રમાણે સજા કરવામાં આવે છે. સજામાં જ્ઞાતિ બહાર મુકવો એ આ સમાજની બહુ મોટી સજા છે.

પ્રસ્તુત અભ્યાસની અંદર ઉત્તરદાતાઓ મતદાન કરે છે કે નહીં તે જાણવાનો પ્રયાસ કરેલ છે.

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | નિયમિત મતદાન કરનાર | 72 | 90 |
| 2 | નિયમિત મતદાન ના કરનાર | 08 | 10 |
| | કુલ | 80 | 100 |

આમ 90% ઉત્તરદાતાઓ નિયમિત મતદાન કરે છે. જ્યારે 10% ઉત્તરદાતાઓ નિયમિત મતદાન કરતા નથી. રાજકારણની અંદર રસ આ ગામના ઉત્તરદાતાઓ 50% જ ધરાવે છે. આ ગામની અંદર ગ્રામસભા પણ ભરાય છે. જેમાં મતદાર સંકલ્પ કરી સર્વાનુમતે સરપંચની ચૂંટણી વકતે યોગ્ય પ્રમાણિકતા જોઈને સભ્યોની નિમણુંક કરે છે. જેમા સભ્યો સરપંચ તરીકે કામ કરવાના હોય છે. આ સરપંત જાગૃત ઉમેદવાર હોવાતી ગ્રામ વિકાસના કાર્યો પણ સારી રીતે કરે છે અને પ્રશ્નોનો ઉકેલ લાવે છે. આ ગામની અંદર હવે સ્ત્રીઓને પણ ચુંટણી લડવા છૂટ આપવામાં આવી છે. ધીરે ધીરે પરિવર્તન આવતા મહિલા વિકાસના કાર્યક્રમ અને સરકારના વિવિધ પ્રયાસના કારણે આ ગામની અંદર જાગૃતિ આવી છે.

**સંદર્ભસૂચિ**

દેસાઈ એ.આર., 2004 - ભારતીય ગ્રામીણ સમાજશાસ્ત્ર

જે.કે. દવે, 2012-13 - ભારતના આદિવાસી

જે.સી. પટેલ, 2014-2015 - આદિવાસી સમાજમાં પરિવર્તન અને વિકાસ, ગુજરાત યુનિવર્સિટી

જે.સી. પટેલ, 2014 - ભારતમાં ગ્રામીણ સમાજશાસ્ત્ર, ગુજરાત યુનિવર્સિટી

જે.કે. દવે, 2012-2013 - કુટુંબનું સમાજશાસ્ત્ર

લાલુભાઈ વસાવા, 2001 (સુરત) - આદિવાસી સંસ્કાર

જિલ્લા શિક્ષણ અને તાલીમ, સંતરામપુર, 2016-2017 – આપણો જિલ્લા મહિમાવત મહિસાગર